# પ્રકરણ:૭

# 'પ્રથમ પ્રતિશ્રુતિ'-બંગાળી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

# પ્રકરણઃ૭ 'પ્રથમ પ્રતિશ્રુતિ'-બંગાળી નવલકથામાં નારી છબીનો અભ્યાસ

આશાપૂર્ણા દેવી સર્જિત 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથા બંગાળી ભાષાની પ્રશિષ્ટ કૃતિ છે. તેનું પ્રકાશન ઈ.સ.૧૯૬૪માં થયું. આશાપૂર્ણા દેવી એ બંગાળી ભાષામાં લગભગ ૨૦૦ જેટલી નવલકથાઓ અને ૮૦૦ જેટલી નવલિકાઓ આપી છે. તેમણે સમગ્ર જીવન સાહિત્ય સેવા કરી. જેમાં 'પ્રથમ પ્રતિશ્રુતિ', 'સુવર્ણલતા' અને 'બકુલકથા' જેવી નવલકથાઓ પ્રસિદ્ધ છે. ઈ. સ. ૧૯૭૮માં જ્ઞાનપીઠ મેળવનાર તેઓ પ્રથમ મહિલા સર્જક હતા. 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથાને ભારતીય જ્ઞાનપીઠ, બાંગ્લા ભાષાનો સર્વોચ્ચ પુરસ્કાર- રવીન્દ્ર પુરસ્કાર તથા કલકત્તા વિશ્વવિદ્યાલયના 'ભુનમોહિની' સ્વર્ણ પદક- જેવા સન્માન પ્રાપ્ત થયા છે. અહીં, 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથાનો હંસ કુમાર તિવારી દ્વારા થયેલ હિન્દી અનુવાદને આધાર તરીકે લેવાયો છે. જેનું પ્રકાશન ઈ.સ. ૧૯૯૮માં થયું. નારી જીવનની અસ્મિતાને વાચા આપતી આ નવલકથાની મુખ્ય તથા ગૌણ નારી પાત્રોની છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

## ૭.૧ કથાવસ્તુ:

'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથાની શરૂઆતમાં બકુલની કોપીમાંથી સત્યવતી નામની સ્ત્રીની કથા લેવાય છે ત્યારથી થાય છે. બકુલ એ સુવર્ણલતાની દીકરી છે. સત્યવતી જ્યારે આઠ વર્ષની હતી ત્યારથી કથા શરૂ થાય છે. સત્યવતીનું સાત વર્ષની ઉંમરે લગ્ન નક્કી થાય છે. પિતા રામકાલી ચેટરજી તેને નાની ઉંમરે સાસરે વળાવવા તૈયાર નથી. રામકાલી બ્રાહ્મણ કુટુંબમાંથી આવે છે અને વૈદ તરીકે આસપાસના ગામોમાં તેનું ઘણું નામ છે. ઠાકોર પૂજા સમયે મૂર્તિને ભોગ ન ચડાવતા પિતા જયકાલી ગુસ્સે થતા રામકાલી નાનપણમાં ઘર ત્યાગ કરીને મકસુદાબાદ ચાલ્યો જાય છે. ત્યાં રાજવૈદ્ય પાસેથી વિદ્યા શીખી તે પોતાના ગામ નિત્યાનંદપુર પાછો ફરે છે. પિતા જયકાલી મૃત્યુ પામે છે. આમ, રામકાલી પણ અંધશ્રદ્ધા અને વહેમથી પર એવું પાત્ર છે. તેની એકની એક પુત્રી સત્યવતીમાં પણ તેના ગુણો આવે છે. વડીલ સ્ત્રીઓની તાબે ન થતી સત્યવતીને પિતાનો દરેક વાતે સાથ મળે છે. સત્યવતી બાળપણથી જ નીડર, સત્ય બોલનારી અને તર્કહીન વાતોને ન સ્વીકારનારી છે.

સત્યવતીની મા ભુવનેશ્વરી ભીરુ અને દયાળુ સ્વભાવની છે. ભુવનેશ્વરીની સાસુ દિનતારિણી, દેરાણી શિવજાયા, નણંદ કાશીશ્વરી અને મોક્ષદા ઘરની વડીલ સ્ત્રીઓ છે. ઘરને સંભાળવાનું અને રસોઈનું કાર્ય સ્ત્રીઓ કરે છે. મોક્ષદા વિધવા સ્ત્રી છે. તે સ્વચ્છતા બાબતે ચીકણી અને છૂત-અછૂતમાં માનનારી છે. સત્યવતીની મસ્તીને કારણે તે હંમેશા રામકાલીને તેની ફરિયાદ કરવા માટે તત્પર રહે છે. સત્યવતી ઝાડ પર ચડવામાં, માછલી મારવામાં, તરવામાં અને બોલવામાં છોકરાઓ કરતાં ઘણી આગળ છે. પુણ્યવતી-પુન્નુ, ટેંપી, ખેંદી અને પૂંટી વગેરે છોકરીઓ સત્યવતીની બહેનપણીઓ છે. સત્યવતી આ ટોળાની નેતા છે. જે ઘરમાં ચાર વર્ષની વયે સાસરે જવાની તાલીમ આપવામાં આવે છે તે ઘરમાં સત્યવતી ચોરીછૂપીથી લખતા-વાંચતા અને કવિતા કરતાં શીખે છે. તેનો નિર્ભીક સ્વભાવ તેના બાળપણમાં થયેલી દરેક ઘટનામાં જોવા મળે છે.

સત્યવતીની સાથે-સાથે ઘરની મોટી વહુ શારદા, તેની શોક્ય પટલી, કાશીશ્વરીના નાતીની વિધવા વહુ શંકરી, જટાની વહુ વગેરેની કથા પણ સાથે સાથે ચાલે છે. શારદા તેની શોક્યને કારણે દુઃખી છે. જટાની વહુ પતિ અને સાસુથી ડરે છે અને મરવાનો ઢોંગ કરે છે. શંકરી નગેન સાથે ભાગી જાય છે. નેડૂ સત્યવતીનો કાકાનો દીકરો છે. તે દરરોજ હસ્તલેખનનો અભ્યાસ કરે છે. જે ઘરમાં સ્ત્રીઓને પોથી અડવાની મનાઈ છે, તે ઘરમાં સત્યવતી ચોરીછૂપીથી વાંચતા-લખતા શીખે છે, તે જાણીને ઘરની વડીલ સ્ત્રીઓમાં હાહાકાર મચી જાય છે. પિતા રામકાલી તેની આ વાતને પણ સમર્થન આપે છે.

એકાએક સાસરીમાંથી બુલાવો આવતાં પિતાને અપમાન સહન ન કરવું પડે તે કારણોસર સત્યવતી સામે ચાલીને સાસરે જવા તૈયાર થાય છે. સાસરી બારૂઈપૂરમાં સાસુ એલોકેશી, સસરા નીલાંબર બેનર્જી, પતિ નવકુમાર તેમજ નવકુમારની ફોઈની સાસરેથી પાછી આવેલી દીકરી સૌદામિની રહે છે. ઘરમાં સાસુનું ચલણ વધુ છે. સસરો પણ કુટિલ સ્વભાવનો છે, એ તાશ રમવા અને ઐયાશી કરવા રોજ સાંજે નીકળી પડે છે. આ ઘરમાં પતિ નવકુમાર ડરીને રહે છે, જ્યારે સૌદામિની હસતી, કામ કરતી, મામીનાં મહેણાં-ટોણાં સાંભળ્યા કરે છે. સત્યવતી સાસુનો ખોટો વર્તાવ સહેતી નથી. જેને લીધે તેને સમાજનું કલંક સહેવું પડે છે. પિતા રામકાલીને દુઃખ થાય તે કારણોસર સત્યવતી વારે-ઘડીએ પિયર જવાનું પણ માંડી વાળે છે.

સત્યવતીને પિયરમાં એકવાર ગર્ભપાત થઈ જવાને કારણે બીજી વાર તે ગર્ભવતી થતાં સાસુ તેને પિયર જવા દેતી નથી. સાસરીમાં સાચું બોલીને રોજ સંઘર્ષમય જીવન ગાળતી સત્યવતીને બે દીકરા થઈ જાય છે. બીજા સંતાનના જન્મ સમયે જ તેની મા ભુવનેશ્વરીનું મૃત્યુ થાય છે. તે સમયે પણ તે પિયર જઈ શકતી નથી.

માના મૃત્યુ બાદ પિયરમાં પણ પરિસ્થિતિ બદલાવા માંડે છે. નવકુમાર બિમાર થતાં સત્યવતી નવકુમારના ભાઈબંધ નિતાઈ અને શિક્ષક ભવતોષની મદદથી શહેરમાંથી ડોક્ટર બોલાવીને તેને બચાવે છે. સાસુ-સસરાની મરજી વિરુદ્ધ ડોક્ટરને બોલાવીને પતિની જાન બચાવતા નવકુમાર સત્યવતી પર અભિભૂત થઈ જાય છે. તેથી જ સત્યવતીની વાત માનીને મા-બાપ વિરુદ્ધ જઈને તે નોકરી કરવા કલકત્તા જવા માટે રાજી થઈ જાય છે. નવકુમાર, સત્યવતી, તેના બે દીકરા સાધન અને સરલ, મિત્ર નીતાઇ અને ભવતોષ માસ્ટર કલકત્તા જઈને રહે છે. સત્યવતી શહેરની રીતભાત શીખી જાય છે. તે માસ્ટર પાસે અંગ્રેજીનું શિક્ષણ પણ મેળવે છે. દીકરાઓને પણ ભણાવીને ડોક્ટર અને વકીલ બનાવે છે. અહીં તેનું વ્યક્તિત્વ વધુ વિકાસશીલ બને છે. અજાણ્યા શહેરમાં દત્ત માલકીનની સાથે તેની બોલાબોલી થાય છે. જે શંકરી ગામમાંથી ભાગી ગઈ હતી, તે આપઘાત કરતા, તેની દીકરી સુહાસિનીને ઘરમાં આશ્રય આપી, શાળાએ મોકલી ભણાવે છે. નિતાઈની પત્ની ભાવિની સત્યવતીથી ઈર્ષા પામે છે. સુહાસને નવકુમાર વિરુદ્ધ ઘરમાં ન રાખી શકતા, થોડા વર્ષો બાદ સુહાસ માસ્તરને ત્યાં આશ્રય લે છે. રામકાલી જીવનના પાછલા વર્ષોમાં કાશી જઈને વસે છે. નેડૂ જે ઘરમાંથી ભાગી ગયો હતો, તે રખડવાનો આનંદ લઇ જીવન વ્યતીત કરે છે.

સત્યવતીને ત્રીજુ સંતાન- દીકરી સુવર્ણલતાનો જન્મ થાય છે. સસરાની બીમારીને કારણે બારૂઇપુર જઈ સેવા કરતી સત્યવતીની દીકરી સુવર્ણને સાસુ એલોકેશી તેની વિરુદ્ધ ચડાવે છે. બાળપણથી જ બોલવામાં પાવરધી સુવર્ણને ભણાવી યુવાનીમાં જ લગ્ન કરાવવું- તે સત્યવતીનું સ્વપ્ન છે. તેની માટે તે પતિ પાસેથી કસમ પણ લે છે. સૌદા તેના પતિ પાસે સાસરે કલકત્તા પાછી જાય છે. જરૂરી પરિસ્થિતિમાં સત્યવતીને મદદ કરવા તે દોડી આવે છે. મોટા દીકરા સાધનના લગ્ન માટે પતિ નવકુમાર ગામ જાય છે ત્યારે સુવર્ણને સાથે લેતો જાય છે. સાસુ એલોકેશી છળપૂર્વક સુવર્ણ માટે સાસરી શોધી તેનું મા આવે તે પહેલાં જ અતિ નાની ઉંમરે લગ્ન કરાવી દે છે. સત્યવતીને લાગેલ આ આઘાત તેના જીવનનું પતિ અને સાસુ દ્વારા થયેલ

સૌથી મોટું છળ છે. જેને કારણે સત્યવતીને પરિવાર, સંસાર અને સમાજ પરથી વિશ્વાસ ઉઠી જાય છે. આજીવન સત્ય માટે સંઘર્ષનો સામનો કરતી સત્યવતી પોતાની દીકરીને જ સમાજનો ભોગ બનતા અટકાવી શકતી નથી. સ્ત્રી હોવાને કારણે અભિશાપ ભોગવતી દરેક સ્ત્રી માટે દુ:ખનો અનુભવ કરતી સત્યવતી સૌનો ત્યાગ કરીને જતી રહે છે. અંતે, તે કન્યા કેળવણી દ્વારા છોકરીઓને ભણાવીને સદ્ધર બને છે. નવલકથાનો અંત સ્ત્રી-અસ્મિતાને ઉજાગર કરે છે.

## ૭.૨ 'પ્રથમ પ્રતિશ્રુતિ'- બંગાળી નવલકથામાં મુખ્ય પાત્રોની નારી છબીનો અભ્યાસ:

'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથામાં સત્યવતી કેન્દ્રસ્થ પાત્ર છે. જેની નારી છબીનો અભ્યાસ કરવાનો ઉપક્રમ છે.

### ૭.૨.૧ સત્યવતી:

સત્યવતીનું જીવન નવલકથામાં ત્રણ સ્તરોમાં વહેંચાયેલું છે: તેનું બાળપણ, સાસરીનું જીવન અને કલકત્તાનું જીવન. સત્યવતીના બાળપણના કિસ્સાઓથી નવલકથાની શરૂઆત થાય છે. નિત્યાનંદપુરમાં રહેતી સત્યવતી તેના પિતાની એકની એક દીકરી છે. તેના પિતા રામકાલી આસપાસના ગામોમાં અતિ પ્રસિદ્ધ એવાં વૈદ્ય છે. અંધશ્રદ્ધા, વહેમ અને અજ્ઞાનતાથી દૂર એવાં રામકાલીના ગુણો સત્યવતીને વારસામાં મળ્યા છે. સત્યવતી સાત વર્ષની હતી ત્યારે તેનો વિવાહ બારૂઈપુરના નીલાંબર બેનર્જીના પુત્ર નવકુમાર સાથે નક્કી થઈ ગયા હોવા છતાં, સત્યવતી બાર વર્ષની ન થાય ત્યાં સુધી તેને સાસરે ન મોકલવાનો રામકાલી નિર્ણય કરે છે. તે નિર્ણયને કારણે મોક્ષદા જેવી ઘરની સ્ત્રીઓને લાગે છે કે રામકાલીનાં સાથને લીધે સત્યવતી સ્વચ્છંદ બની ગઈ છે. એક પિતા તરીકે રામકાલી સત્યવતીને દરેક વાતે સાથ આપે છે. તે સત્યવતીની પ્રતિભાને પામી ગયેલ પાત્ર છે. જ્યારે તેની મા ભુવનેશ્વરી ભીરુ હોવાને કારણે ઘરની વડીલ સ્ત્રીઓ અને સમાજનાં મહેણાં-ટોણાંથી ડરે છે.

સત્યવતી બોલવામાં, ઝાડ પર ચઢવામાં, માછલી મારવામાં, તરવામાં અને લખવા-વાંચવામાં તેના કાકાના દીકરા નેડૂ તેમજ અન્ય છોકરાઓ કરતાં હોશિયાર છે. તે જ્યારે છંદ (કવિતા) રચે છે ત્યારે તેની સહેલી પુન્નુ ડાંગ રહી જાય છેઃ "બયા કા ઘોસલાં લે આ સકતી હૈ? યા 'સોનાપોકા' પકડ સકતી હૈ? યા કી તૈરકર તીન બાર બડે તાલાબ કે આરપાર આ-જા સકતી હૈ?-ઇસી તરહ કે પરીક્ષામૂલક પ્રશ્ન સત્ય પ્રાયઃ પૂછા કરતી લેકિન પદ્ય રચ સકતી હૈ? યા નહીં, ઐસા સવાલ બિલકુલ નયા હૈ." (પૃ.૨૩) જે સમયે છોકરીઓ ભણવા-વાંચવા-લખવા વિષે વિચારી પણ ન શકતી તે સમયમાં સત્યવતીના આવા સાહસભર્યા પરાક્રમો આસપાસના લોકોને દંગ કરી નાખતા. આવા પ્રસંગો પરથી જ સત્યવતી કોઈ સામાન્ય છોકરી નથી તેની બાળપણથી જ પ્રતીતિ થાય છે.

જટાની વહુના કિસ્સા પર સત્યવતી પદ્ય રચીને સૌને મોઢે કરાવે છે. તે વાત પર ઘરની સ્ત્રીઓ ટોકીને કહે છેઃ "યહ કોઈ ગૌરવ કી બાત નહીં હૈ, ચાચા! જો ભી હો, આખિર લડકી હૈ."(પૃષ્ઠઃ૨૩) સત્યવતીને દીકરા-દીકરી વચ્ચેનો આ ભેદ અતાર્કિક લાગે છે તેથી તે કહે છે કેઃ "લડકીયા ક્યા માં કે પેટ સે નહીં પૈદા હોતી, બાઢ કે પાની મે બહકર આતી હૈ?"(પૃષ્ઠઃ૨૪) સત્યવતી તેના ટોળાની નેતા છે. નિર્ભિકતા, ખેલમાં પાવરધી, બળવાન, કૌશલ્યવાન અને ચપળ છે. નાની ઉંમરે મોટા ન સમજી શકે તેવી વાતો સત્યવતી આસાનીથી સમજી જાય છે. અને તેના વિશે પિતાને કહેવામાં તેને કોઈ ખચકાટ નથી. શારદાની શોક્ય પટલી બનવાથી શારદા ને જે દુઃખ થાય છે તેના વિશે તે પિતાને કહે છે કેઃ"બાત અસલ યહ હૈ કી, મર્દ લોગ તો સૌત કી હકીકત નહીં સમજતે."(પૃષ્ઠઃ૬૬) રામકાલી સત્યની આ સમજદારીથી દંગ રહી જાય છે. સોતનને દૂર રાખવા માટે કરવામાં આવતા 'સેજુંતી વ્રત' ન કરવાની રામકાલી સત્યવતીને છૂટ આપે છે. અહીં બાપ દીકરીના સ્વભાવમાં એ સામ્યતા છે કે જે વાતો કે રિવાજો અતાર્કિક લાગે તેને તેઓ દૂર કરતા જાય છે. કાશીશ્વરીની નાતી વહુ શંકરી ડૂબવા જતા ઘરની સ્ત્રીઓ તેનાથી અજાણ છે. કટોરી ખોવાઈ જવાના બહાનાને કારણે દિનતારિણી, મોક્ષદા અને શિવજાયા તેના પર ગુસ્સે થાય છે. તેને 'કુલ બોરન' જેવા અપશબ્દોથી ભાંડે છે. ત્યારે પણ સત્યવતી ઘરની વડીલ સ્ત્રીઓ સામે વચ્ચે પડે છે. તેનું માનવું છે કેઃ" જિન કે ઘર મે પાંચ સંદૂક બર્તન હૈ, વે

લોગ અગર દાલ ખાને વાલે મામૂલી કટોરી કે લિયે એક આદમી કી જાન લેને કો તૈયાર હૈ તો કિસી કો તો ઉસકા પ્રતિકાર કરના હી પડેગા."(પૃષ્ઠઃ૮૫) આમ, ઘરની કોઈપણ ઘટના તેની નજીક કે દૂરની સ્ત્રીને પજવે તો તેનો પ્રતિકાર કરવા માટે સત્યવતી હરહંમેશ ખડા પગે તૈયાર રહે છે. ત્યારે તેને તેની ઉંમર, વડિલો પ્રત્યે માન કે પિતાની મર્યાદા પણ નડતી નથી. જે તેના નીડર, સત્યપરાયણ અને સાહસી સ્વભાવનો પરિચય આપે છે. શંકરી ભાગી જતા, રામકાલીના પરિવારને લાગે છે કે તે જાતે ડૂબીને મૃત્યુ પામી છે. ત્યારે પણ સત્યવતી પિતાને અસલ પરિસ્થિતિથી વાકેફ કરે છેઃ "કાશીશ્વરી કી નાતે બહૂ આપ નહીં ડૂબી હૈ, હમ સબને ડૂબા દિયા હૈ."(પૃષ્ઠઃ૧૦૭) ઘરની રૂઢિગત વિચારધારા અને પુરુષપ્રધાન માનસ ધરાવતી વડીલ સ્ત્રીઓ દ્વારા શંકરી જેવી યુવાન સ્ત્રીને જે માનસિક યાતનામાંથી ગુજરવું પડે છે, તેનાથી પણ નાની સત્યવતી વાકેફ છે. એટલું જ નહીં, પિતાને ઘરમાં સ્ત્રીઓ દ્વારા ચાલતા આ સત્તાતંત્ર (Power System)થી પણ તે વાકેફ કરે છે. વડીલ સ્ત્રીઓને સ્વચ્છંદી લાગતી સત્યવતી ગહન સમજદારી ધરાવે છે.

સત્યવતીને બાળપણથી જ વિદ્યા પ્રીતિ છે. તેનો ભાઈ નેડૂ હસ્તલેખનનો અભ્યાસ કરતાં સમયે સત્યવતી તેની પાસે પહોંચી જાય છે. સત્યવતી છોકરી થઈને તાડપત્રને સ્પર્શે છે, તે જોઈને નેડૂ ગભરાઈ જાય છે. નેડૂએ સાંભળેલી માન્યતા છે કે, 'છોકરી ભણે તો આંધળી થઈ જાય.' આ સંદર્ભે જાતિગત રીતે વહેંચાયેલા સ્ત્રી-પુરુષના કામો(Gendered Role)ને પણ સત્યવતી વખોડે છે. તે કહે છે કેઃ "યહ સબ કુછ લડકો ને હી ગઢા હૈ."(પૃષ્ઠઃ ૧૧૫) બાળપણમાં પણ સત્યવતી પુરુષો દ્વારા રચાયેલ સમાજથી પરિચિત છે. તે તર્કપૂર્વક દરેક વાતને તપાસે છે. તેથી જ તે કહે છે કેઃ "મૈં પૂછતી હું, ખુદ મા સરસ્વતી ક્યા સ્ત્રી નહીં હૈ?"(પૃષ્ઠઃ૧૧૭) ઘરની સ્ત્રીઓને તેના લખવા વાંચવાની જાણ થતાં રામકાલીને ચાડી ખાવા જતી સ્ત્રીઓની સત્યવતી બોલતી બંધ કરાવી દે છે. રામકાલી તેની વિદ્યા પ્રીતિ જોઈને તેને ભણવાની સંમતિ આપે છે. પિતા પુત્રીનો આ સ્વભાવ ઘરના પુરુષો કરતાં ઘરની સ્ત્રીઓને વધુ ખટકે છે. આ જોતાં, 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથામાં આશાપૂર્ણા દેવીએ એવા સમાજની છબી

પૂરી પાડી છે, જેમાં સ્ત્રીઓના માનસ પુરુષપ્રધાન રુઢીથી ટેવાયેલા (Patriarchal Minds of Female Characters) હોય અને તેનું જ પાલન કરતા હોય.

સત્યવતીના જીવનનો બીજો પડાવ ત્યારે શરૂ થાય છે, જ્યારે તે તેની સાસરી બારૂઈપુરમાં જાય છે. તેના જતાં પહેલાં જ સાસુ એલોકેશીને તેના 'વાચાળ' હોવાની ખબર પડી જાય છે. પિતા રામકાલીને તેને બાર વર્ષ પહેલા વળાવવી પડે છે તેનું દુઃખ છે. તેમ છતાં પિતાને મહેણા ન સાંભળવા પડે તે કારણોસર તે કહે છે કેઃ "સસુરાલ ઔર યમરાજ કા ઘર જબ સમાન હી હૈ, તો આપ મન મે ખેદ ન કિજીએ. ભેજ દિજીએ. સોચ લિજીએ સત્ય મર ગઈ." (પૃષ્ઠઃ ૧૫૮) સત્યનો સંઘર્ષ અહીં તેની સાસુ એલોકેશી જોડે શરૂ થઈ જાય છે. તેનો સસરો નીલાંબર બેનર્જી કુટિલ અને ઐયાશી છે. જ્યારે પતિ નવકુમાર ભીરુ છે. તેના માતા-પિતાનો સામનો તે નથી કરી શકતો. નણંદ (સત્યની ફોઇ સાસુની સાસરેથી પાછી આવેલી દીકરી જે આ જ ઘરમાં રહે છે.) સૌદામિની જ માત્ર સત્યવતીને સાથ આપનારી છે, તેની અરસપરસ વાતો દ્વારા દુઃખ વહેંચે છે. તેથી સાસરીમાંનો સંઘર્ષ સત્યવતીના માથે જ આવે છે. અહીં, તે એક પુત્રવધુ છે, તેથી નિત્યાનંદપુરની જેમ ગામમાં સ્વતંત્રતાથી હરીફરી શકતી નથી. દીકરીમાંથી વહુમાં થયેલું તેનું પરીવર્તન સ્ત્રીને અભિશપ્ત જીવનની છબી પૂરી પાડે છે.

તેમ છતાં, સત્યવતી સત્યનો સાથ છોડતી નથી. અન્યાય સામે સ્પષ્ટ રીતે પ્રતિકાર કરે છે. વાળ ઓડતા સમયે એલોકેશી સત્યને પીઠ પર ગુબ્બો મારે છે, ત્યારે તે આંખોમાં આંખ પરોવીને કહે છેઃ "આપને મુઝે મારા!" (પૃષ્ઠઃ૧૭૦) આવા ઘણાં કિસ્સાઓમાં સત્યવતીને સાસુ તરફથી કડવા વેણ અને યાતના સહન કરવી પડે છે. તે સત્યવતીને મારી શકતી નથી પરંતુ, તેના દીકરા નવકુમારને સત્યવતીને મારવા માટે કહે છે. સત્યવતી નીડરતાપૂર્વક સાસુને પોતાના સ્વભાવ અને વર્તન વિષે જણાવે છેઃ "દેખીએ, આપ ગુરુજન હૈ, ગુરુજન કિ તરહ રહીએ. આપકો સીર-આંખો પર રખૂંગી. ઔર નહીં તો જાન લીજીએ, આપકે નસીબ મેં દુઃખ લીખા હૈ. આપને મુઝે પહચાના નહીં હૈ, ઇસી સે યહ સમાજ રખા હૈ કિ મુઝ પર જો ચાહે કરેંગી. યહ ખયાલ છોડ દિજીએ." (પૃષ્ઠઃ૧૯૨) આમ, સત્યવતી માત્ર વાચાળ નથી.

તેના સ્વભાવમાં સત્ય સાથેની ક્રિયા(Action) તેના વર્તનમાં દેખાય છે. તેથી જ તેને સતાવવાનો હેતુ ધરાવતી એલોકેશી ભલે બોલી-બોલીને આગ ઝરાવે, પરંતુ તેને શારીરિક રીતે કોઈ હાનિ પહોંચાડી શકતી નથી. તેનાં હેતુઓને તે નિષ્ક્રિય બનાવી દે છે. નવકુમાર ભલે ભીરુ હોય પણ સત્યવતીની હાલત ન જોઈ શકતાં મિત્ર નિતાઈની મદદથી રામકાલીને પત્ર સત્યવતીની સ્થિતિ વર્ણવતો પત્ર લખે છે. રામકાલી સાસરીમાં તેની સ્થિતિનો તાગ મેળવવા અને થોડા સમય માટે તેને પિયર લઈ જવા માટે આવે છે ત્યારે, સત્યવતી ખુદ ન જવાનો નિર્ણય કરે છે. તે જાય તો તેની સાસુ નવકુમારને અન્ય છોકરી સાથે પરણાવી દે અને જે સત્યવતી એકની એક દીકરી હોવાથી સંપત્તિ માટે લગ્ન કર્યું છે તેનું બધુ પચાવી પાડે તેની સત્યવતીને સારી રીતે જાણ છે. તેથી સાસુ તરફથી બનાવાયેલ કોઈ પણ તંત્ર (plan)ને એ જાણી જાય છે અને દરેક વખતે સાસુને તેની બુદ્ધિ અને ચપળતાના આધારે પરાસ્ત કરી દે છે.

સસરા નીલાંબર બાબુ તાશ રમવાને બહાને જે વ્યભિચાર કરે છે તેની જાણ થતાં તે તેમણે પગે લાગવાનું છોડી દે છે. પૂજા ઘરનું કામ નહીં કરું તેવી ચોખ્ખી ઘોષણા કરી દે છે. સાસુ અને નણંદ સૌદામિનીને જે જીદ લાગે છે, તે સત્યવતીની સત્ય પરાયણતા છે. નવકુમારને પણ આ સંદર્ભે કંઇ પણ ન બોલતો જોઈ તે કહે છેઃ "પુરુષ કે બજાય તુમ ઔરત હોકર ક્યોં નહીં પૈદા હુએ, વિધાતા કા એક રહસ્ય યહી હૈ."(પૃષ્ઠઃ૨૦૮) આ જ પ્રસંગે તે કલકત્તા જવાનો નિર્ણય કરી નાખે છે, જોકે તે નજીકના ભવિષ્યમાં સંભવ નથી થતો. તે ત્યાં સુધીમાં બે દીકરાઓની મા પણ બની ચૂકી હોય છે. સત્યવતી એવી સ્ત્રી છે કે જેને સમાજની રીત-રસમો જેવી કે, લગ્ન, ઘરનું કામ, સાસુ-સસરાની સેવા, સંતાનજન્મ તે બધું જ લાગુ પડે છે. તે આ પ્રણાલીને સહજતાથી સ્વીકારે છે. તેને પુરુષો પ્રત્યે તિરસ્કાર નથી. તેને સ્ત્રી પર લાગુ પડતાં સત્તાતંત્ર, તેનાં શોષણ અને દબાણથી પેદા થતી અસમાનતા સામે સખત પ્રતિકાર છે. પુન્નુના લગ્નમાં કે મા ભુવનેશ્વરીના મૃત્યુ સમયે પિયરમાં ન જય શકવાનું તેને દુઃખ છે, પણ આ પરિસ્થિતીજન્ય દુઃખ માટે તે બેબાકળી નથી બનતી. તેની સામે સ્વતંત્રતાનું વધુ બહોળું ચિત્ર (Big Picture) છે. સત્યવતીના વિચારો માત્ર તેનાં પૂરતાં કે પરિવાર પૂરતાં નથી. તેથી જ તેને શંકારી, સૌદામિની, શારદા, ભુવનેશ્વરી જેવી અન્ય સ્ત્રીઓ પ્રત્યે સહાનુભૂતિ જાગે છે, તેમના

દુઃખથી તે પોતે પણ પીડાય છે. જેને કારણે સામાજિક ક્રાંતિ કે શક્ય તેટલું પરીવર્તન કરવાની શક્યતા તેનાં મનમાં સ્વપ્નનું રૂપ લઈને બેઠી છે. તેનો વિરોધ પુરુષ કે પરંપરા સામે નહીં શોષણ, અસમાનતા અને રૂઢિઓ સામે છે.

સત્યવતી લગ્ન બાદ નિર્મોહી, સંગદિલ અને પથ્થરની મૂર્તિ બની ગઈ છે તે જોઈને રામકાલીને દુઃખ થાય છે. તેનું નિલાંબર બેનર્જીના ઘરે લગ્ન કરાવ્યું તે પ્રત્યે ગ્લાનિ (Guilt) પણ થાય છે. પરંતુ તે દીકરીને સાસરીમાંથી પાછી લાવી શકતા નથી અને સત્યવતી જે પરિસ્થિતિમાં છે તેમાં જ રહીને ખુમારીપૂર્વક જીવવા માંગે છે. નવકુમાર અત્યંત બીમાર થતા સત્યવતી સાસુ દ્વારા કહેવાયેલ ડાબે હાથે ખાવાના ટોચકાનું પાલન કરવાની ચોખ્ખી ના પાડે છે. તે કહે છેઃ "રોગી કો ધીરે ધીરે ન કાટકર સીધે ચંડી કે સામને બલી ચઢા દેના હી તો ઠીક હૈ. યહ બેચારા ભી જાતા ઔર લોગો કી પરેશાની ભી જાતી." (પૃષ્ઠઃ૨૫૪) સત્યવતી સાચું બોલવામાં સખત (Blunt) છે. જેનાથી સાસુ ગુસ્સે થઈ સમાજમાં તેના પાગલ હોવાની અફવા ઉડાવે છે. આઝાદ વહુ તરીકે તેની પડેલી છાપ સમાજમાં એટલી વ્યાપ્ત છે કે સત્યવતી સાથે ગામની કોઈ સ્ત્રી વાત કરવા પણ તૈયાર નથી. માસ્ટર અને નિતાઈની મદદથી કલકત્તાથી ડોક્ટર બોલાવીને તે નવકુમારનો જીવ બચાવે છે ત્યારથી પતિ પત્નીની બહાદુરી અને બુદ્ધિથી પ્રભાવિત થઈ જાય છે. જેને કારણે સત્યવતીનું કલકત્તા જવાનું સ્વપ્ન પૂરું થાય છે.

સત્યવતીના જીવનનો ત્રીજો પડાવ કલકત્તા શહેરમાં શરૂ થાય છે. નવકુમાર અને નિતાઈ કલકત્તામાં માસ્ટરે શોધી આપેલી સરકારી નોકરી કરે છે. સત્યવતી તેના બંને બાળકોને શાળામાં ભણવા મૂકે છે. તે પોતે પણ કલકત્તાની ભેદભાવ વિનાની રીત શીખી જઈ ત્યાંના પરિવેશમાં ભળી જાય છે. કલકત્તામાં રહેવાના નિર્ણયને લઈને રામકાલી ખુશ થાય છે, જ્યારે મોક્ષદા જે હંમેશા સત્યવતીની ફરિયાદ કરતી તે પણ સત્યવતીના વખાણ કરે છે. અજાણ્યા શહેરથી ડરવાનો કે હારવાનો સત્યનો સ્વભાવ નથી. તેમ છતાં તેને સ્ત્રી તરીકે નાની નાની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જેમ કે, નિતાઈની માસ્ટર પર સત્યવતીને ધારીને જોવાની શંકા અથવા દત્ત માલકીનના અભિમાનને કારણે બાળકોને ઉત્તમ ભોજનથી દૂર રાખવાની

ઘટના. આટલી નાની બાબતે પણ તેને સાંભળવું પડે છે કેઃ "ઐસે ભોજ સે બચ્ચો કો વંચિત કર દિયા! મા હૈ કી રાચ્છસી!"(પૃષ્ઠઃ૩૦૬) સત્યવતીના સ્વાભિમાન(Self Respect) ને પતિ સ્વાર્થ(Selfish) માને છે. સત્યના વર્તાવને કારણે તેના પતિને ઘણી પરિસ્થિતિમાં લઘુતાગ્રંથિનો (Inferiority Complex) અનુભવ થાય છે. જેને કારણે લેખિકા લખે છે કેઃ "નવકુમાર કો ભી ખયાલ નહીં, વિધાતા સે વહ કિતના બડા પાવના પાએ બૈઠા હૈ. ઇસી લિયે વહ મનહી મન સત્ય કો હી વાક્ય બાણ સે નહીં બેધા કરતા, વિધાતા કો ભી બેધતા હૈ કી ઉસને ઉસે પુરુષ ઔર સત્ય કો સ્ત્રી કયો બનાયા! નહીં સહા જાતા."(પૃષ્ઠઃ૩૧૬) તેમાં સત્યવતી ઘણા નિર્ણયો પતિની ઉપરવટ થઈને લે છે તે પણ એક કારણ છે. જેમ કે, શંકરીની આત્મહત્યા બાદ તેની પુત્રી સુહાસને તે પોતાના ઘરે રાખે છે તેમજ શાળાએ મોકલી ભણાવે પણ છે.

સત્યવતી તેના બાળકોની સાથોસાથ પોતાનો પણ વિકાસ સાધે છે. માસ્ટર પાસેથી તે અંગ્રેજી શિક્ષણ મેળવે છે. નિતાઈને પણ અવળે રસ્તે જતા વાળે છે. સુહાસ યુવાન થતાં માસ્ટર પાસે જઈ તેના વિવાહ માટે યોગ્ય છોકરો શોધવાનું કામ સોંપે છે. સૌદામિનીનો પતિ જ્યારે તેને પાછો લેવા આવે છે ત્યારે પણ તે કહે છેઃ "આપકા તો અવશ્ય સબ તરહ સે અચ્છા હો, બીના તનખા કે રસોઈદારીન- નોકરાની- ઘરની- સબ મિલ જાએ, પર ઉનકા ક્યા ઉપકાર હોગા ઝરા સુને?"(પૃષ્ઠઃ૩૭૭) માસ્ટર સાથે તે બ્રહ્મધર્મની ઓફિસે પતિને જણાવ્યા વગર ચોરીછૂપીથી જાય છે. ત્યારે ભાવિની તેને 'માયાવિની ડાકણ' કહે છે. તે જ ભાવિનીની બહેનને મૃત્યુને ઘાટ ઉતારતાં સાસરી પક્ષ સામે સત્યવતી પોલીસમાં ફરિયાદ કરતા ખચકાતી નથી. આમ, તેની આસપાસ રહેતા દરેક પાત્રને તે મદદ કરે છે. પિતા કાશીએ જતા તેના નામે જે મિલકત છોડીને જાય છે, તેના પ્રત્યે પણ સત્યવતીને કોઈ લગાવ નથી. જ્યારે પતિ તે મિલકતનામાનું કાગળ જલ્દીથી રામકાલી પાસેથી લઈ લે છે. પતિ સત્યવતીની દરેક વાતમાં સાથ આપતો નથી, પરંતુ સત્યવતીની તેજસ્વીતા સામે તે ડગી જઈ હાર માની લે છે. પતિની અનિશ્ચિતતા અને આસપાસના પાત્રોની વખોડવાની આદત છતાં સત્ય ક્યારેય ડગી નથી.

સત્યવતી પોતાની છાયા સુહાસમાં જુએ છે, પરંતુ પતિ સામે લડી લડીને થાકી જવાથી તે સુહાસને વધુ સમય પોતાની પાસે રાખી શકતી નથી. સત્યવતીની દીકરી સુવર્ણ નાની હોય છે, ત્યારથી જ તેની વાચાળતા જોઈને સત્યને ફરીથી તેની છાયા દેખાય છે. સુવર્ણ ભણી ગણીને મોટી થાય ત્યારે જ તેના લગ્ન કરાવવાની કસમ તે પતિ પાસેથી પણ લે છે. સત્યવતીને બંને દીકરા સાધન અને સરલ માટે વહુઓ પણ શિક્ષિત જોઈએ છે. આમ, તેની આસપાસના પરિઘમાં તે સુધારણાની શરૂઆત કરી દે છે. જીવનની ઉત્તરાવસ્થામાં પ્રવેશેલી સત્યવતી દરેક વાતે પોતાના આસપાસના પાત્રો સાથે લડીને થાકી જતા સ્થાઈ થવાનું વિચારે છે. તેમ છતાં નવલકથા અંતે એવો વળાંક આવે છે કે, જે સત્ય નાનપણથી ખોટી વાત સામે સંઘર્ષને વહોરે છે, તે સત્ય પોતાના જ પરિવારના સભ્યોથી છલનો ભોગ બને છે. તેની હાજરી વિના સાસુ અને પતિ દીકરી સુવર્ણને નાની ઉંમરમાં પરણાવી દે છે. આ ઘટનામાં સત્યના જીવનની પરાકાષ્ઠા છે. જીવનની આ અવસ્થાએ પૂર્ણપણે થાકી ગઈ છે. તે વિચારે છેઃ "ગીરસ્તી આદમી કો દબા ડાલતી હૈ, ખાસ કરકે સ્ત્રીઓ કો."(પૃષ્ઠઃ૪૫૫) પતિ આ સ્થિતિમાં પણ તેને મનાવે છે અને ન માનતા શ્રાપ આપે છે ત્યારે તે કહે છેઃ "તુમ લોગ તો અનાદિકાલ સે વહી દેતે આ રહે હો, પતિ હોકર, બાપ હોકર, ભાઈ હોકર, બેટા હોકર! યહ કુછ નયા નહીં હૈ. હમ સબ કી જિંદગી હી અભિશાપ કી હૈ."(પૃષ્ઠઃ ૪૭૮)

તે પરિવારને ત્યાગ અને ઘરત્યાગ કરવામાં ઝડપથી નિર્ણય લઇ લે છે. "'ધ કલર પર્પલ'ની એલી, 'ધ ડોલ્સ હાઉસ'ની જોશ, 'સાત પગલાં આકાશ'ની વસુધા વગેરે નારીપાત્રોએ અન્યાયના વિરોધમાં ગૃહત્યાગ કર્યો છે તેનું અહીં સંસ્મરણ થાય. અલબત્ત દરેક પાત્રના સંજોગો પોતીકા છે."૧ જે સમાજ અને પરિવારમાં સત્યવતી રહીને પરિવર્તન લાવવા માંગે છે તે સમાજની વિકૃતિના મૂળ આટલા ઊંડા છે તેની જાણ તેને અંતે થાય છે. પોતાની દીકરી સમાજનો ભોગ બની જતા, તેના જેવી અન્ય દીકરીઓની કેળવણીમાં તે પોતાનું બાકીનું જીવન ગુજારે છે. તેને નવલકથાને અંતે પતિ, પુત્રો કે પરિવારનો બિલકુલ મોહ રહેતો નથી. તેથી જ તે દીકરા સાધનના લગ્ન સુધી પણ રોકાતી નથી.

નાનપણની નિત્યાનંદપુરથી કલકત્તા સુધીની સત્યવતીની યાત્રામાં હારબંધ સંઘર્ષો આવે છે. તેમ છતાં અંતે 'સંઘર્ષની પરાકાષ્ઠા' આવતા તે પરિસ્થિતિમાંથી બહાર નીકળી જાય છે, થાકે છે, પણ હાર માનતી નથી. સત્યવતી જેવા અનેક પાત્રોના જીવનભરના સંઘર્ષોને કારણે સમાજમાં જે કંઇ પણ પરિવર્તન આવ્યું છે તે તેઓને આભારી છે. અરુણા બક્ષીનાં મત પ્રમાણેઃ "કથાના કેન્દ્રમાં સત્ય હોવા છતાં આ કથા માત્ર તેનાં આંતર-સંવિદની કથા ન બની રહેતાં, હાંસિયામાં રહી ગયેલ સમગ્ર નારી વૃંદનું એક આગવું પરિણામ બને છે."૨ સુવર્ણની દીકરી બકુલ સત્યવતી વિશે ડાયરીમાં વાંચે છે ત્યારે લેખક લખે છેઃ "ઔર યે બકુલ- પારુલ ભી ખટ રહી હૈ બેશક! બીના ખટકે કામ કૈસે ચલે?"(પૃષ્ઠઃ૨) સત્યવતીના પાત્ર દ્વારા આશાપૂર્ણા દેવી માત્ર એક સ્ત્રી નહીં, સત્ય જેવી અને સ્ત્રીઓના સંઘર્ષોને બિરદાવે છે. અરુણા બક્ષી આ સંદર્ભે કહે છે કેઃ "નારી જીવનની વિવક્ષિત સમસ્યાઓને સર્જનાત્મક ભૂમિકાએ અને અનાવૃત્ત કરવાના આંતર-અવાજમાંથી સર્જાય છે નારીના અસ્તિત્વ અને અસ્મિતાની આ સંઘર્ષકથા."૩ પત્નીધર્મ, માતૃધર્મ, કુટુંબધર્મ અને સ્વધર્મની સજાગતા હોવા છતાં જે સ્ત્રીને ગૃહત્યાગ માટે મજબૂર કરે તેવી પરિસ્થિતી પેદા કરતું પુરુષપ્રધાન તંત્ર એવું જડબેસલાક છે કે આજના સમયે પણ આવાં અનેક સ્ત્રી-સંઘર્ષો અને ત્યાગ હોવા છતાં સમાજમાં સ્ત્રીને સમાનતા મળી શકી નથી. કન્યા કેળવણી તરફી આ નવલકથાનો અંત એ સમાજમાં સ્ત્રી સમનાતા માટેના અવિરત પ્રયાસોનું સૂચન કરે છે. તે બાબતે આ નવલકથા આજના સમયે પણ પ્રસ્તુત છે.

## ૭.૩ 'પ્રથમ પ્રતિશ્રુતિ'-બંગાળી નવલકથાની ગૌણ નારી છબીનો અભ્યાસઃ

'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથામાં મોક્ષદા, શિવજાયા, દીનતારિણી, ભુવનેશ્વરી, શંકરી, શારદા, પટલી, સૌદામિની, એલોકેશી, ભાવિની, સુહાસિની/સુહાસ, સુવર્ણલતા/સુવર્ણ-જેવા ગૌણ નારીપાત્રોનો સમાવેશ થાય છે. બકુલ, દત્ત માલકીન, રાસૂની મા, પંચૂની માજેવા અતિગૌણ પાત્રો પ્રસંગોપાત અને થોડા જ સમય માટે ઉલ્લેખમાં આવે છે. દરેક નારીપાત્ર વિશિષ્ટ ગુણોને લઈને અલગ નારી છબીનું પ્રતિનિધિત્વ કરે છે. તેથી આ ગૌણ નારીપાત્રોની છબીનો અભ્યાસ આવશ્યક બને છે.

## ૭.૩.૧.મોક્ષદા, શિવજાયા, દીનતારિણી અને ભુવનેશ્વરીઃ

મોક્ષદા રામકાલીની વિધવા બહેન છે. રામકાલીના ઘરની રસોઈ અને સ્વચ્છતા જેવા કામો તેની નજર હેઠળ થાય છે. સ્વચ્છતા બાબતે ચીકણી મોક્ષદા છૂત- અછૂતમાં માને છે. ભુવનેશ્વરી જેવી ઘરની ભીરુ સ્ત્રીઓ તેનાથી ડરે છે. સત્યવતીના સાહસભર્યા દરેક કાર્ય સામે તેને વાંધો છે. તેથી ભાઈ રામકાલીને સત્યવતી વિરુદ્ધ ફરિયાદ કરવામાં અને ભડકાવવામાં મોક્ષદા સૌથી આગળ હોય છે. સત્યવતી જેવી અલ્લડ છોકરી સાસરીમાં નહીં ટકે તેવી તેની માન્યતા છે. જેને કારણે તે સત્યવતીને ધમકાવતી ફરે છે. મોક્ષદાનું પાત્ર પુરુષપ્રધાન માનસિકતા ધરાવે છે. રીતરિવાજ- ધર્મ- પરંપરા વિશે કોઇપણ જાતની ઢીલ તેને પસંદ નથી. શિવજાયા ભુવનેશ્વરીની દેરાણી છે. દિનતારીણી, શિવજાયા, કાશીશ્વરી- જેવા પાત્રો નવલકથામાં સામાન્ય ગૃહિણી તરીકે આવે છે. તેઓનું રોજીંદા જીવન ઘરના કામકાજ પૂરતું જ છે. પરંપરાગત રીતે ચાલતા જીવનમાં તેઓને કોઈ બાહ્ય પરિવર્તનની વધુ અસર થતી નથી. જીવનને લઈને તેમનો કોઈ આગવો અભિગમ નથી. ઘર અને પરિવારની સારસંભાળ એ જ તેમના જીવનનો મુખ્ય હેતુ છે.

ભુવનેશ્વરી સત્યવતીની મા છે. તે નમ્ર, ઉદાર, દયાળુ અને ભીરુ સ્વભાવની છે. સત્યવતીના સાહસિક વર્તનથી તે ડરે છે. ઘરની વડીલ સ્ત્રીઓ અને સમાજની તેને પરવાહ છે. રામકાલીની પ્રતિષ્ઠાનો ગામેગામ વ્યાપ હોવા છતાં તેને કોઈ અભિમાન કે અહંકાર નથી. તે પતિ સાથે વાત કરતાં પણ ડરે છે. દીકરી સાથે થોડો સમય વ્યતિત કરવાની તેની ઈચ્છા પણ અધૂરી રહી જાય છે. ભુવનેશ્વરીના મૃત્યુ બાદ જીવતેજીવ બાપ-દીકરી જે રીતે તેની અવગણના કરે છે, તેને માટે તેઓ બંને દુઃખ અને ગ્લાની અનુભવે છે. હૃદયમાં મમતા ધરાવતું તે એવું પાત્ર કે જે માતૃત્વની વિરલ છબી રજૂ કરે છે.

## ૭.૩.૨ શંકરી, શારદા અને પટલીઃ

શંકરી રામકાલીના ઘરમાં રહેતી કાશીશ્વરીની નાતીની વિધવા વહુ છે. તેનું પાત્ર એક યુવાન વિધવા સ્ત્રીને રજૂ કરતું પાત્ર છે. જે નગેન નામના પુરુષની જાળમાં ફસાય છે. વિધવા હોવા છતાં તે નગેન સાથે ભાગી જાય છે તેની જાણ ઘરમાં કોઈને નથી. સૌ માને છે કે શંકરી

તળાવમાં ડૂબીને આત્મહત્યા કરે છે. વર્ષો બાદ કલકત્તામાં સત્યવતી સાથે તેનો ભેટો થાય છે. પુરુષની છલનાનો ભોગ બનેલી શંકરીને સુહાસિની નામની દીકરી છે. તેના પિતા વિશે કોઈ પૂછે તો બદનામીના કારણે શંકરી સુહાસીનીને બાળવિધવા ઘોષિત કરી દે છે. તેની વાસ્તવિકતા સત્યવતી સિવાય તેની પુત્રી ને પણ ખબર નથી. એક વિધવા તરીકે જીવન ગુજાર્યા સિવાય અન્ય પુરુષ પર વિશ્વાસ કરી ભાગી જતી શંકરી સ્ત્રી શરીર વિશે કહે છે કેઃ " ઔરત જાતમિટ્ટી કા બરતન હે, નનદજી, છુઆ ગયા કી ગયા." (પૃષ્ઠઃ૩૨૦) સ્ત્રી શરીરની વેધકતા (Vulnerability)ને કારણે રૂઢિવાદી સમાજમાં માત્ર તે સ્ત્રીને જ નહીં તેની પુત્રીને પણ નિર્દોષ હોવા છતાં વૈધવ્ય ભોગવવું પડે છે. તેના દ્વારા સામાજિક વાસ્તવિકતા રજૂ કરાઇ છે.

શારદા અને પટલી એકબીજાની સોતન છે. પટલીના લગ્ન જેની સાથે થવાના હતા તે છોકરો બીમાર પડત ભરમંડપે પટલીને કલંકનો ભોગ ન બનવું પડે, તેના માટે રામકાલી પોતાના ભાઈના પુત્ર રાસૂ સાથે તેના લગ્ન કરાવે છે. રાસૂની પ્રથમ પત્ની શારદાથી શોક્યનું દુઃખ સહન થતું નથી. જેને કારણે રાસૂ પાસે પટલીને ક્યારેય ન સ્પર્શવા માટે વચન લે છે. પટલી તેના નસીબને કારણે પુરુષવંચના પામતી સ્ત્રી છે. તે રાસૂને ક્યારેય પામી શકતી નથી. બહુપત્નીત્વ પ્રથાને કારણે બે સ્ત્રીઓ એ ઈર્ષા અને નસીબજોગે કેવી દુઃખી થાય છે તેની રજૂઆત આ બે સ્ત્રીપાત્રોની છબી દ્વારા રજૂ કરાઇ છે. સત્યવતી રામકાલીને આ દુઃખ વિશે જણાવે છે ત્યારે તે બન્ને સાથે અન્યાય કર્યા હોવાની લાગણી તેમને અનુભવાય છે. શારદાના સ્વભાવમાં આવેલું કઠોર પરિવર્તન પણ આ ઘટનાને કારણે શક્ય બને છે.

## ૭.૩.૩ એલોકેશી, સૌદામિની અને ભાવિનીઃ

એલોકેશી સત્યવતીની સાસુ છે. સત્યવતીને હેરાન કરવામાં તે કોઈ કસર છોડતી નથી. તેમ છતાં સત્યવતીના પ્રખર અને તેજસ્વી વ્યક્તિત્વ સામે તે પરાસ્ત થાય છે. તે સ્વભાવથી જ કર્કશા સ્ત્રી છે. માત્ર સત્યવતીને નહીં, સૌદામિનીને પણ તે ઘરનું સઘળું કામ કરતી હોવા છતાં હેરાન કરે છે. સૌદામિની સ્વભાવે હસતી અને બોલકી છે. એલોકેશીને ગુસ્સો આવતા તેના મૂંગા થવા માટે પ્રસાદ ચડાવવાની વાત કરે છે ત્યારે સૌદામિની કહે છે કેઃ " દુહાઈ મામી, વહ સબ મન્નત-વન્નત ન માનો. દેવી- દેવતા કો કહો ઔર તો સુનતે હૈ ઔર! ગુંગી કે બજાય કહી ઉન્હોને ઠુઠી બના દિયા, તો કામ- કાજ સે તુમ્હારા હી મરણ હોગા."(પૃષ્ઠઃ૧૬૯)

આમ,સૌદામિનીના પાત્ર દ્વારા આશાપૂર્ણા દેવી હ્યુમર રચે છે. એલોકેશી સાસુના ચોકઠામાં જે દુર્ગુણો દર્શાવવામાં આવે છે, તેમાં બંધબેસતી નારી છબી છે. સત્યવતી સામે આસાનીથી જીત ન થતા, નવલકથાને અંતે તે જ સત્યવતીના પરમ દુઃખનું કારણ બને છે. સત્યવતીની દીકરી સુવર્ણને ઘરેણાં અને કપડાના પ્રલોભનો આપી, તેનું બાળ લગ્ન કરાવી દે છે. પુરુષપ્રધાન સમાજમાંથી સત્તાનો પાઠ શીખી, તેનું આચરણ કરતી એલોકેશી જેવી સ્ત્રીઓ- સ્ત્રીઓને દુશ્મન બને છે. તેનું ચિત્ર આપણને આ પાત્રમાં જોવા મળે છે.

સૌદામિની સાસરેથી કાઢી મુકાયેલ સ્ત્રી છે. તેના મા-બાપ ન જીવતા હોવાને કારણે મામા- મામી સાથે રહે છે. મામા- મામીની સેવા અને સઘળા ઘરકામમાં તે પોતાનું દુઃખ ભૂલી જાય છે. વર્ષો બાદ જીવન પ્રત્યે વિચારતા તે પતિને કાગળ લખે છે. પતિ મુકુંદ તેની બીજી પત્ની મરણપથારી પર આવતા બાળકો અને ઘરની સારસંભાળ માટે તેને કલકત્તા બોલાવી લે છે. પતિ સાથે સમાધાન કરી તે પોતાનું બાકીનું જીવન ગુજારે છે. તે સત્યવતી અને નવકુમાર બંનેને નિકટતાથી જાણનારુ મહત્વનું પાત્ર છે. તે પોતે કોઈ સીધો પ્રતિકાર કરતી નથી. પરંતુ, સુવર્ણનું લગ્ન થતાં સત્યવતીના નિર્ણયમાં સાથ આપનાર તે એક માત્ર પાત્ર બને છે. તે કહે છે કેઃ "ઉસકી શકલ સે મૈ સમજ ગઈ હું કી વહ અબ ઇસ ઘર મેં પાની ભી નહિ પીએગી, લૌટ જાએગી! ઉસકે સાથ મૈ ભી ચલી."( પૃષ્ઠઃ ૪૭૫)

## <u>૭.૩.૪ સુહાસિની અને સુવર્ણલતાઃ</u>

સુહાસિની શંકરીની દીકરી છે. નગેન લગ્નનું ખોટું વચન આપીને શંકરીને છલનાનો ભોગ બનાવે છે. તેને કારણે જન્મેલ સુહાસિનીને પણ નિર્દોષ હોવા છતાં બાળવિધવા તરીકેનું જીવન ગાળવું પડે છે. શંકરીની આત્મહત્યા બાદ સત્યવતી પાસે રહીને ભણતી સુહાસિની સત્યવતી જેવી જ તેજસ્વી બને છે. તેને અન્ય કોઈ સ્થળે આશ્રય ન મળતા તે માસ્તર સાથે લગ્ન કરીને શિક્ષણ ચાલુ રાખે છે. સુહાસિની શિક્ષણ પ્રાપ્ત કરીને શિક્ષિકા બનીને પગભર થઈ જાય છે. સત્યવતીને કારણે આ સઘળું શક્ય બને છે. સુહાસિની એક નિર્દોષ, સમાજની કુરૂપતાનો ભોગ બનેલી છોકરી છે. જે પોતાની બુદ્ધિ અને સત્યવતીના સહકાર દ્વારા કલકત્તામાં શિક્ષિકા બની સ્વતંત્ર થાય છે.

સુવર્ણલતા સત્યવતીની દીકરી છે. તેનું સૌથી છેલ્લું સંતાન છે. સુવર્ણ નાનપણથી જ પ્રખર, તેજસ્વી અને બોલકી છે. તેને બોલતાં જોઈ સત્યવતીને પોતાની છાપ તેમાં દેખાય છે. જેને કારણે સુવર્ણને તે સુહાસની જેમ ભણાવીને શિક્ષિત બનાવવા માંગે છે. સુવર્ણ દાદીના પ્રલોભનો હેઠળ લલચાઈ જાય છે. તેમ છતાં તેને માનો ડર છે. તેનું બાળ લગ્ન થતાં તે કહે છેઃ "તુમ લોગોને ક્યોં મેરા યહ હાલ કિયા? મા મુજે માર ડાલેગી."(પૃષ્ઠઃ૪૭૫) સુવર્ણ તેજસ્વી હોવા છતાં નસીબજોગે અને પિતા તેમજ દાદી ને કારણે અભિશપ્ત જીવનનો ભોગ બને છે. તેમ છતાં તે મોટી થઈને મા સત્યવતીનો દૃષ્ટિકોણ સમજી શકે તે માટેની આશા સત્યવતીને દેખાય છે. અનેક સ્વપ્નો છતાં પિતા અને દાદીની જાળમાં ફસાઈને બાળલગ્નનો ભોગ બનેલી સુવર્ણ સમાજની કુરૂપતાને કારણે યાતના સહન કરનારી અન્ય એક સ્ત્રીની છબી પૂરી પાડે છે. જે સત્યવતી સાધન, સરલ અને સુહાસને ભણાવે છે, તેમનું ભવિષ્ય ઉજ્જવળ કરે છે, તે જ સત્યવતી પોતાની સગી દીકરી સુવર્ણને ભણાવી શકતી નથી અને બાળલગ્નથી બચાવી શકતી નથી તેમાં વિધિની વક્રતા(Irony) નો તેમજ સમાજની વિકૃતિનો નિર્દેશ છે.

## <u>૭.૪ ઉપસંહારઃ</u>

આશાપૂર્ણા દેવી 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથા દ્વારા બંગાળી બ્રાહ્મણ સમાજમાં જન્મ લઈને, કલકત્તા શહેરના પરિવેશમાં વિકાસ પામતી સત્યવતી દ્વારા એક સશક્ત નારી પાત્રની છબી રજૂ કરે છે. અન્યાય, શોષણનો વિરોધ, પોતાની સાથે અને સમાજ સાથે આંતર તેમજ બાહ્ય સંઘર્ષને જીવતી સત્યવતી ભારતીય નવલકથાનું એક સ્મરણીય વિશિષ્ટ પાત્ર બની રહે છે. સ્વવિકાસથી લઈને સામાજિક વિકાસ સુધીના પગરણ માંડતી સત્યવતી અત્યાર સુધીના ભારતીય સમાજના વિકાસમાં ભાગ લેનાર સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતમાં તે સમયે ચાલતા બાળલગ્ન, વિધવા પુનર્લગ્નની મનાઈ, બ્રહ્મસમાજની સ્થાપના, શહેરીકરણને કારણે આવેલ માનવ મૂલ્યોમાં થતું પરિવર્તન, કન્યા કેળવણીની શરૂઆત, પુરુષપ્રધાન માનસિકતા ધરાવતી સ્ત્રીઓનું શાસન અને અન્ય સ્ત્રીઓ પર દમન- જેવા વિષયોને આવરી લેનાર આ નવલકથાનો વિમર્શ, આમાના કેટલાક કુરિવાજો બંધ થઈ ગયા હોવા છતાં જે બૃહદ સ્વતંત્રતાની અને નારી અસ્મિતાની પરિકલ્પના લઈને આવે છે, તે સંદર્ભે આ નવલકથા 'ભારતીય નવલકથા' બની રહે છે. અરુણા બક્ષી ના મત પ્રમાણે "આટલી depth ધરાવતું આલેખન

ગુજરાતી નવલકથામાં ક્યારે? પ્રશ્ન મનમાં ઘૂમરાય છે."૪ આ સંદર્ભે જોઈએ તો 'પ્રથમ પ્રતિશ્રુતિ' નવલકથા ભારતની ઉત્કૃષ્ટ કૃતિ બને છે.

## ૭.૫ સંદર્ભઃ

૧. પ્રથમ પ્રતિશ્રુતિ-આશાપૂર્ણા દેવી, અરુણા બક્ષી; જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા (તારાશંકર બંદોપાધ્યાયથી રઘુવીર ચૌધરી), સંપાદકઃ ભરત મહેતા; પાર્શ્વ સંવર્ધિત પ્રથમ આવૃત્તિ, ૨૦૧૬; પૃ.૬૧

૨. એજન; પૃ.૫૫-૫૬

૩. એજન; પૃ.૫૫

૪. એજન; પૃ. ૬૩